بسم الله الرحمن الرحيم

## કુર્આનની સર્વગ્રાહી તફસીર (વિવરણ)

# મઆરિફુલ કુર્આન

## ગુજરાતી


**મૂળ લેખક**

હઝરત મવલાના મુફતી મુહમ્મદ શફીઅ્ સા. (રહ.)

**અનુવાદક**

ઈલ્યાસ ગુલામમુહમ્મદ આદમ સાલેહ પટેલ (ખાનપુરી)



**પ્રકાશક**

હઝરત મવલાના ઈસ્માઈલ વલી ભૂતા સા. (દા.બ.)

સ્થાપક તથા મોહતમિમ

જામિઅતુલ બનાત ટંકારીઆ

મુ.પો. ટંકારીઆ,

તા. જિ. ભરૂચ (ગુજરાત)






www.maarifulqurangujarati.com


**કાનૂની ચેતવણી:** ● આ તફસીરનો હેતુ ફી–સબિલિલ્લાહ પ્રચાર પ્રસારનો છે, જેથી કોઈપણ વ્યક્તિએ પ્રસ્તુત વેબસાઈટના કોઈપણ સાહિત્યનો અથવા તેના કોઈપણ ભાગનો ઉપયોગ વેપારી ધોરણે કરવાની અથવા કિતાબ સ્વરૂપે છપાવવાની સખત મનાઈ છે. માત્ર ઓનલાઈન શેરીંગ કોઈપણ પ્રકારના એડીટીંગ સિવાય કરી શકાય છે.

● પ્રકાશક પાસે આ તફસીરના પિન્ટેડ કોપીના સર્વ હક્ક કોપી રાઇટેડ હોવાના કારણે મઆરિફુલ કુર્આન ગુજરાતીમાંથી પ્રકાશક અને અનુવાદકનો પ્રિન્ટેડ કોપીનો પેજ નંબર, ભાગ નંબરનો હવાલો આપી કોઈ ફકરો કે વાક્ય કોઈ કિતાબ અથવા લેખમાં કોઈપણ જાતના એડીટીંગ વિના લખી / છાપી શકાય છે.

● આ બાબતોનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરની કાનૂની કાર્યવાહી કરવાની સખત ચેતવણી આપવામાં આવે છે.


નોંધ : મઆરિફુલ કુર્આન ગુજરાતીના ૧૧ ભાગોની હાર્ડ પ્રિન્ટેડ કોપી મેળવવા માટે પ્રકાશક હઝરત મવલાના ઇસ્માઈલ ભૂતા સાહબનો સંપર્ક કરવા વિનંતી છે.


Designed and Typesetting By: **Safwan Patel Khanpuri**

પ્રકરણ (૧૧૪)

# સૂરએ નાસ

સૂરએ નાસ મદીનામાં નાઝિલ થઈ, તેની છ આયતો છે.

## આયતો (સૂરએ નાસ : આયત નં. ૧ થી ૬)

اٰيَاتُهَا ٦ — سُوْرَةُ النَّاسِ مَكِّيَّةٌ ٢١ ١١٤ — رُكُوْعُهَا ١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

قُلْ اَعُوْذُ بِرَبِّ النَّاسِ ﴿١﴾ مَلِكِ النَّاسِ ﴿٢﴾ اِلٰهِ النَّاسِ ﴿٣﴾ مِنْ شَرِّ الْوَسْوَاسِ
الْخَنَّاسِ ﴿٤﴾ الَّذِىْ يُوَسْوِسُ فِىْ صُدُوْرِ النَّاسِ ﴿٥﴾ مِنَ الْجِنَّةِ وَالنَّاسِ ﴿٦﴾

## તરજુમો / તફસીર :

*અલ્લાહના નામથી શરૂ કરું છું જે મહાકૃપાળુ અને મહાદયાળુ છે.*

*(હે નબી સલ. !) આપ ફરમાવી દો કે હું લોકોના પરવરદિગાર (૧) લોકોના બાદશાહ, (૨) લોકોના મઅ્બૂદનો આસરો લઉં છું. (૩) વસવસા નાખનાર, સંતાઈ જનાર (શયતાન)ની બુરાઈથી, (૪) જે લોકોના દિલોમાં વસવસા નાખે છે. (૫) (પછી તે વસવસો નાખનાર) જિન્નાતમાંથી હોય કે મનુષ્યોમાંથી. (૬)*

www.maarifulqurangujarati.com

## વિસ્તૃત વિવરણ :

સૂરએ ફલકમાં દુનિયવી આફતો અને મુસીબતોથી શરણ માંગવાની તા'લીમ છે અને આ સૂરતમાં આખિરતની આફતોથી પનાહ માંગવાની તાકીદ છે અને જેમકે શબ્દ "શર" (બુરાઈ)નો ભાવાર્થ સૂરએ ફલકમાં વર્ણન કરવામાં આવ્યો છે કે તે મુસીબતો અને આફતોના કારણ બંનેને પોતાના અર્થમાં સામેલ કરે છે. આ સૂરતમાં પણ તે "શર" એટલે કે બુરાઈથી પનાહ માંગવામાં આવી છે

જે બધા જ ગુનાહોનું કારણ છે, એટલે કે શયતાની વસવસાઓ અને તેનો પ્રભાવ. આખિરતના નુકસાનો ઘણા સખત છે તેથી આ તાકીદ ઉપર કુર્આન પૂર્ણ કરવામાં આવ્યું.

**કુર્આને કરીમની શરૂઆત અને અંતમાં સંવાદિતા અને યોગ્ય સંદર્ભ :**

કુર્આને કરીમને અલ્લાહ તઆલાએ સૂરએ ફાતિહાથી શરૂ કર્યુ છે જેનો ખુલાસો અલ્લાહ તઆલાના વખાણ કર્યા પછી તેની મદદ પ્રાપ્ત કરવી અને તેની પાસેથી સિરાતે મુસ્તકીમ એટલે કે સીધા માર્ગની તવફીક માંગવી છે અને અલ્લાહ તઆલાની મદદ તથા સિરાતે મુસ્તકીમ આ જ બે વસ્તુઓ છે જેમાં માનવીની દુનિયા અને દીનના બધા હેતુઓ અને મકસદોની સફળતા આધારિત છે પરંતુ આ બે વસ્તુઓની પ્રાપ્તિનો અને તેને પ્રાપ્ત કર્યા પછી તેના ઉપયોગમાં ડગલેને પગલે શયતાનના ષડયંત્રો, ધોકાબાજી તથા તેના ભ્રમની જાળ રહે છે તેથી આ જાળને તોડી નાંખવાની પ્રભાવશાળી યુક્તિ આ અલ્લાહના શરણ અને પનાહ ઉપર કુર્આનને પૂર્ણ કરવામાં આવ્યું.

تَمَّ بِحَمْدِ اللّٰهِ وَفَضْلِهٖ وَكَرَمِهٖ وَعَوْنِهٖ تَفْسِيْرُ الْقُرْآنِ الْكَرِيْمِ وَلِلّٰهِ الْحَمْدُ اَوَّلَهٗ وَاٰخِرَهٗ وَظَاهِرَهٗ وَبَاطِنَهٗ فَمَا كُنَّا لِنَهْتَدِىَ اِلَيْهِ لَوْلَا اَنْ هَدٰنَا اللّٰهُ وَصَلَّى اللّٰهُ تَعَالٰى عَلٰى خَيْرِ خَلْقِهٖ وَصَفْوَةِ رُسُلِهٖ وَاِمَامِ اَنْبِيَائِهٖ مُحَمَّدٍ خَاتَمِ النَّبِيّٖنَ وَسَيِّدِ الْمُرْسَلِيْنَ عَلَيْهِ وَعَلَيْهِمْ صَلَوَاتُ اللّٰهِ وَسَلَامُهٗ وَعَلٰى اٰلِهٖ وَاَصْحَابِهٖ اَجْمَعِيْنَ رَبَّنَا تَقَبَّلْ مِنَّا اِنَّكَ اَنْتَ السَّمِيْعُ الْعَلِيْمُ وَذٰلِكَ فِى الْحَادِىْ وَالْعُشْرِيْنَ مِنْ شَعْبَانَ ١٣٩٢ھ ضَحْوَةَ يَوْمِ السَّبْتِ وَمِنْ غَرِيْبِ الْاِتِّفَاقِ اَنَّ هٰذَ الْيَوْمَ هُوَالْيَوْمُ الَّذِىْ وُلِدْتُّ فِيْهِ فَفِىْ هٰذَاالْيَوْمِ تَمَّتْ مِنْ عُمْرِ هٰذَا لْعَبْدِ الضَّعِيْفِ الْجَانِىْ عَلٰى نَفْسِهٖ سَبْعَةٌ وَسَبْعُوْنَ سَنَةً وَاَخَذْتُ فِى لثَّامِنِ وَالسَّبْعِيْنَ وَاللّٰهَ سُبْحَانَهٗ وَتَعَالٰى اَدْعُوْ وَاَرْجُوْ اَنْ يَّجْعَلَ خَيْرَ عُمْرِىْ اٰخِرَهٗ وَخَيْرَ عَمَلِىْ خَوَاتِيْمَهٗ وَخَيْرَ اَيَّامِىْ يَوْمَ اَلْقَاهُ فِيْهِ بِبَرَكَةِ كِتَابِهِ الْمُبِيْنِ وَنَبِيِّهِ الْاَمِيْنِ وَاَنْ يَّتَقَبَّلَ مِنِّىْ جُهْدَالْمُقِلِّ الَّذِىْ اَتْعَبْتُ فِيْهِ نَفْسِىْ فِىْ اَمْرَاضٍ وَهُمُوْمٍ وَّضُعْفِ الْقُوٰى

www.maarifulqurangujarati.com

وَمَا هُوَاِلَّا بِتَوْفِيْقِهٖ وَعَوْنِهٖ وَاَنْ يَّغْفِرَلِىْ خَطِيْئَآتِىْ وَتَقْصِيْرَاتِىْ فِىْ حُقُوْقِ كِتَابِهِ

الْكَرِيْمِ وَاَنْ يَّنْفَعَ بِهِ الْمُسْلِمِيْنَ اِلٰى اَمَدٍ بَعِيْدٍ وَّاَنْ يَّجْعَلَهٗ ذُخْرًا لِّيَوْمٍ لَّابَيْعٌ فِيْهِ وَلَا

خِلَالٌ وَلَا يُجْدِىْ فِيْهِ مَالٌ وَّلَا اٰلٌ فَسُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ

અલ્હમ્દુલિલ્લાહ સૂરએ નાસ પૂર્ણ થઈ.

❑❑❑❑❑❑❑❑❑❑❑

તારીખ : ૧૧ એપ્રિલ ૨૦૧૫ મુતાબિક ૨૧ જમાદિઊલ અવ્વલ ૧૪૩૬ હિજરી

ગુજરાતી અનુવાદક : ઈલ્યાસ પટેલ ખાનપુરી

મઆરિફુલ કુર્આન ગુજરાતી
મૂળ તફસીર લખનાર : હઝરત મવલાના મુફતી મુહમ્મદ શફીઅ્ સા. (રહ.)
ગુજરાતી અનુવાદક :ઈલ્યાસ પટેલ ખાનપુરી
E-mail: saleh.printers786@gmail.com
Contact No.: 9898797394
પ્રકાશક (પ્રિન્ટેડ કોપી) : હઝ. મવલાના ઈસ્માઈલ ભૂતા સા. (દા.બ.)
મોહતમિમ : જામિઅતુલ બનાત ટંકારીઆ
ફોન નં. : (૦૨૬૪૨) ૨૭૦૩૩૦ / ૨૭૦૮૩૨
www.maarifulqurangujarati.com